# કશું જાણતો નથી

જો બારણાં હો બંધ તો ખોલી શકાય છે,
ખુલ્લી હવાની કેદ ક્યાં તોડી શકાય છે?

છે કાચ જેવી આમ તો માણસની જાત સૌ,
તૂટ્યા પછી એ ક્યાં ફરી જોડી શકાય છે?

જાણું નહીં કે છેવટે મંજિલ છે ક્યાં સુધી,
હાંફી જવાય છે છતાં દોડી શકાય છે.

ચારે તરફ શોધ્યા છતાં જે ક્યાંય ના મળે,
દર્પણ મહીં એ છેવટે શોધી શકાય છે.

વાતો કરે છે ત્યાગની ઊંચેરા મંચ પર,
છોડ્યા પછીએ ક્યાં બધું છોડી શકાય છે.

# કશું જાણતો નથી

હું સમયની ડાળ પર ઝૂલ્યા કરું છું આ તરફ પેલી તરફ,
ને હવાની કેદમાં જોયા કરું છું આ તરફ પેલી તરફ.

થયું મને ક્યારેક હું મુજને મળું તો થાય શું એ જોઈએ,
ત્યારથી હું તો મને શોધ્યા કરું છું આ તરફ પેલી તરફ.

એકબીજામાં ભળીને એક થઈ ગઈ છે દિશાઓ આ બધી,
આભની માફક હું ફેલાયા કરું છું આ તરફ પેલી તરફ.

કોક દી તો ધોમ હું વરસી પડું એ શક્ય છે, પણ આજ તો,
વાદળાંની જેમ વીખરાયા કરું છું આ તરફ પેલી તરફ.

છેવટે રસ્તા બધા સૌ એક છે જાણ્યું અને થંભી ગયો,
આમ તો કારણ વગર દોડ્યા કરું છું આ તરફ પેલી તરફ.

કશું જાણતો નથી

અજવાળા વિશે લખવા દે, અંધારા વિશે લખવા દે,
લખવા દે અમને શ્વાસોના સથવારા વિશે લખવા દે.

તારા વિશે લખવા દે ને મારા વિશે લખવા દે,
વિખરાયેલા શબ્દોના ભણકારા વિશે લખવા દે.

કાંટાઓ ને કાંટાળી ઘટનાઓ વિશે ખૂબ લખ્યું,
આજ હવે મઘમઘતા કોઈ ક્યારા વિશે લખવા દે.

સુક્કા તરસ્યા રણની માફક આજ સુધી તો જીવ્યો પણ,
વાદળ તો ઘેરાયું છે જલધારા વિશે લખવા દે.

ભીતરથી ધસમસતી આવે ધારા વિશે લખવા દે,
કેમ બુઝાવું યાદોના અંગારા વિશે લખવા દે.

કશું જાણતો નથી

સાવ સુક્કું રણ બધે તરસ્યા કરે છે માણસો,
ને ભીતરની શોધમાં ભટક્યા કરે છે માણસો.

બંધ મુટ્ઠી લઈ સતત દોડ્યા કરે છે માણસો,
આંખમાં લઈ આંસુઓ જીવ્યા કરે છે માણસો.

ચાંદની રાતે જુઓ સળગ્યા કરે છે માણસો,
રોજ ધીમે મીણ શા પીગળ્યા કરે છે માણસો.

એક પર બીજો ફરી ત્રીજો બધાં મહોરાં ધરી,
માણસોના વેશમાં ઘૂમ્યા કરે છે માણસો.

સાવ અંધારા સમું ચારે તરફ લાગે છતાં,
વીજના ચમકાર શા ચમક્યા કરે છે માણસો.

## કશું જાણતો નથી

આ જગતમાં કોઈ પણ મારા સમું આવ્યું નથી,
આમ સર્જનહારને મારા વગર ચાલ્યું નથી.

લાકડી ફટકારતાં એ ઢોર તો ચાલ્યું ગયું,
ને પછી એ ઢોલ મારાથી કદી વાગ્યું નથી.

કેમ કરવી રાવ નિષ્ફળ પાકની – દુષ્કાળની,
આ ધરામાં બીજ જ્યારે એક પણ વાવ્યું નથી.

સાવ સાચું ઝેર હો તો ગટગટાવે પ્રેમથી,
ભેળવેલું દૂધ શંકરને કદી ભાવ્યું નથી.

શબ્દ ભીતરથી મને ચાબુક ફટકારે સતત,
આટલું તો કોઈએ ક્યારેય દોડાવ્યું નથી.

હાથમાં થોડાઘણા શબ્દો હતા, ઓછા પડ્યા,
જે હતું હૈયે બધું કાગળ ઉપર આવ્યું નથી.